# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20/10/2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

1. **દિવાળીના પર્વની શુભકામનાઓ પાઠવીને રાજ્યપાલે નાગરિકોને સ્વદેશી અપનાવવાનો સંકલ્પ કરવા અપીલ કરી.**
2. **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યપાલ સાથે મુલાકાત કરીને રાજ્યની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓથી રાજ્યપાલને માહિતગાર કર્યા.**
3. **મુખ્યમંત્રી વિક્રમ સંવત 2082ના નૂતન વર્ષ પ્રારંભે ગાંધીનગર-અમદાવાદમાં પ્રજાજનો સાથે શુભેચ્છાનું આદાન-પ્રદાન કરશે.**
4. **આનંદ અને ઉત્સાહ સાથે દિવાળીની ઉજવણી.. મંદિરોમાં વિશેષ પૂજા ,, મોડી રાત સુધી બજારોમાં ખરીદીનો ઉમળકો**
5. **મહિલા ક્રિકેટ વિશ્વકપની મેચમાં ભારતનો ઇંગ્લેંડ સામે પરાજય**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# RAJYPAL DIWALI

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગુજરાત અને મહારાષ્ટ્રના નાગરિકો તેમજ સમગ્ર દેશવાસીઓને  દિવાળીના પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ પાઠવતાં જણાવ્યું કે , દિવાળીનો તહેવાર અંધકાર પર પ્રકાશ  , અન્યાય પર ન્યાય અને નકારાત્મકતા પર સકારાત્મકતાના વિજયનું પ્રતિક છે.

આ પાવન પ્રસંગે તેમણે સૌને સ્વદેશી અપનાવવાનો સંકલ્પ લેવાની અપીલ કરી હતી.

## ( બાઈટ - આચાર્ય દેવવ્રત, રાજ્યપાલ)

---

# GOVERNOR HARSH SANGHVI

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સાથે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની રાજભવન ખાતે શુભેચ્છા મુલાકાત થઇ હતી.

રાજ્યપાલે નાયબ મુખ્યમંત્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત અને શાલ ઓઢાડી સમ્માન કર્યું હતું, તેમજ પ્રકાશના પર્વ દિપોત્સવની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે રાજ્યપાલે દેશમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા પ્રેરિત રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન , આત્મનિર્ભર ભારત, સ્વચ્છતા અભિયાન જેવા વિષયો પર નાયબ મુખ્યમંત્રી સાથે ચર્ચા કરી હતી.

નાયબ મુખ્યમંત્રીહર્ષ સંઘવીએ ગુજરાતમાં રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ , કાયદો અને વ્યવસ્થા તેમજ રમતગમત ક્ષેત્રે થઈ

**રહેલા ઉત્કૃષ્ટ માળખાકીય બદલાવથી રાજ્યપાલને માહિતગાર કર્યા હતા. આ અવસરે રાજ્યપાલએ ગ્રામ્ય અર્થતંત્રને વધુને વધુ મજબૂત બનાવવા સ્વદેશી અભિયાનને પ્રોત્સાહન મળી રહે તેવા પ્રયાસોને વેગ આપવા જણાવ્યું હતું.**

---

## CM GREETINGS

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વિક્રમ સંવત 2082ના નૂતન વર્ષ પ્રારંભે ગાંધીનગર-અમદાવાદમાં પ્રજાજનો સાથે શુભેચ્છાનું આદાન-પ્રદાન કરશે. દિવાળી-નૂતનવર્ષ નિમિત્તે મુખ્યમંત્રીના શુભેચ્છા-સ્નેહમિલન કાર્યક્રમોનું પણ આયોજન કરાયું છે.**

**સાંભળીએ એક અહેવાલ..**

## (વોઇસ કાસ્ટ : જયેશ પટેલ)

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે નાગરિકો સાથે નૂતન વર્ષાભિનંદન શુભેચ્છાઓનું આદાન પ્રદાન કરશે. તેઓ બુધવારે સવારે ગાંધીનગરમાં પંચદેવ મંદિરના દર્શન કરીને નૂતન વર્ષનો પ્રારંભ કરશે. અને સાડા સાત વાગ્યે અડાલજ ખાતે ત્રિમંદિરમાં દર્શન કરશે. સવારે 8 વાગ્યે મુખ્યમંત્રી મંત્રીમંડળ નિવાસ સંકુલમાં નાગરિકો-પ્રજાજનો સાથે શુભેચ્છાઓની આપ-લે કરશે. ત્યારબાદ રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવશે. શ્રી પટેલ અમદાવાદમાં ભદ્રકાળી માતાના મંદિરે દર્શન કરી શાહીબાગ ખાતે નાગરિકોને નવા વર્ષની શુભેચ્છાઓ માટે મળશે. ત્યારબાદ તેઓ પોલીસ ઓફિસર્સ મેસમાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને તેમના પરિવારોને નૂતનવર્ષની શુભકામનાઓ પાઠવશે.

**જયેશ પટેલ પ્રાદેશિક સમાચાર વિભાગ અમદાવાદ**

---

# DIWALI CELEBRATION

પ્રકાશના પર્વ દીપાવલીની ભવ્ય ઉજવણી માટે ગાંધીનગર જિલ્લાના સ્વામિનારાયણ અક્ષરધામ મંદિરમાં 10 હજારથી વધુ દીવડાઓ પ્રગટાવવામાં આવ્યા છે. દિવડાઓની અદભૂત રોશનીથી મંદિર પરિસર રોશનીથી ઝળહળી ઉઠ્યું હતું. આ દીપોત્સવ 26 ઓક્ટોબર સુધી ચાલશે.

દ્વારકા જિલ્લામાં પણ દ્વારકાધીશ જગતમંદિરને રંગબેરંગી લાઈટોથી શણગારવામાં આવ્યું છે. આ ઉપરાંત સોમનાથ, અંબાજી સહિત રાજયભરના દરેક તીર્થધામોને રંગબેરંગી રોશનીથી શણગારાયા છે.

---

# DIWALI

પ્રકાશ પર્વ દિવાળીની આજે રાજ્યભરમાં પરંપરાગત રીતે હર્ષોલ્લાસ સાથે ઉજવણી થઇ રહી છે. રાજ્યભરમાં લોકો દિવાળી અને નવા વર્ષની ઉમંગભેર ઉજવણી કરી રહ્યા છે.

અધર્મ પર ધર્મના વિજયના પ્રતિક રૂપે ઉજવાતી દિવાળી આનંદ અને રોશનીનો તહેવાર છે. દિપાવલી પર્વની ઉજવણીના ભાગરૂપે ઘરે ઘરે દિવડા રંગોળીના સુશોભન જોવા મળી રહ્યા છે.

આજે ચોપડા પૂજન અને લક્ષ્મીપૂજનનું અનેરૂં મહત્વ છે. વેપારીઓ ચોપડા પૂજન કર્યા બાદ વેપારી કામકાજ બંધ કરશે. રાજ્યના વિવિધ મંદિરોમાં દિવાળી નિમિત્તે વિશેષ શણગાર, રોશની કરાયા છે. રાજ્યભરના મંદિરો રોશનીથી ઝળહળી રહ્યા છે.

બજારોમાં છેલ્લી ઘડીની ખરીદી માટે મોડી રાત સુધી ભીડ જોવા મળી હતી. લોકોમાં ફટાકડા અને મીઠાઇ દ્વારા દિવાળી ઉજવણીનો અનેરો થનગનાટ જોવા મળ્યો. મોડી રાત સુધી લોકો નવા વસ્ત્રો , સુશોભનની ચીજવસ્તુઓ, ફટાકડાની ખરીદી કરતા જોવા મળ્યા.

---

## SOMNATH

દિવાળીના તહેવારો દરમિયાન પ્રસિદ્ધ તીર્થધામો સહિત નગરો અને શહેરોમાં લોકોની ભીડ થતી હોય છે.ત્યારે તકેદારીના ભાગરૂપે પોલીસ ખડે પગે છે.

આજ રોજ દિવાળી તહેવાર નિમિત્તે ગીર સોમનાથ જિલ્લાના ઉના શહેરની ભીડભાડવાળી જગ્યાઓ પર પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ તથા વાહન ચેકિંગ કરાયું હતું. કોઇ અનિચ્છનિય બનાવ ન બને તે માટે આ કાર્યવાહી કરાઈ હતી.

---

## GST BACHAT UTSAV

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલ અને 22મી સપ્ટેમ્બરથી શરૂ કરાયેલ GST બચત ઉત્સવ, સમાજના તમામ વર્ગના લોકોને લાભ આપી રહ્યો છે. ઇલેક્ટ્રોનિક ઉત્પાદનોમાં GSTમાં ઘટાડો થતાં લોકો સરકારનો આભાર માની રહ્યા છે. આ અંગે જામનગરના એક ગ્રાહકે પ્રતિક્રિયા આપી.

**(બાઇટ : હેરીન – ગ્રાહક)**

---

# ANAND LAKH PATI DIDI

સ્વદેશી અભિયાનના આરંભથી    આણંદના ગામડી ગામની લખપતિ દીદી કોમલ ચૌહાણ અને 20થી વધુ મહિલાઓએ ગયા વર્ષ કરતાં આ વર્ષે 4થી 5 ગણી કમાણી કરી.

સખી મંડળની મહિલાઓએ સ્વદેશી અભિયાન માટે પ્રધાનમંત્રીનો આભાર વ્યક્ત કર્યો.

## (બાઈટ – કોમલ ચૌહાણ)

---

# WOMAN CRICKET

ICC મહિલા એક દિવસીય ક્રિકેટ વિશ્વ કપમાં , ભારતનો ઈંગ્લેન્ડ સામે ચાર રનથી પરાજય થયો છે . ગઈકાલે ઈન્દોરમાં રમાયેલી આ મેચમાં ઈંગ્લેન્ડના 289 રનના લક્ષ્યાંકના જવાબમાં , ભારતીય ટીમ 50 ઓવરમાં છ વિકેટે 284 રન જ બનાવી શકી હતી.

સ્મૃતિ મંધાનાએ 88, હરમનપ્રીત કૌરે 70 અને દીપ્તિ શર્માએ 50 રન બનાવ્યા હતા. ઈંગ્લેન્ડની હીથર નાઈટને 109 રનની ઇનિંગ બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી હતી. ભારત તરફથી દીપ્તિ શર્માએ ચાર અને શ્રી ચરણીએ બે વિકેટ લીધી હતી

આ જીત સાથે , ઈંગ્લેન્ડનું સેમિફાઇનલમાં સ્થાન નિશ્ચિત થઈ ગયું છે. સેમિફાઇનલમાં સ્થાન મેળવવા માટે ભારતને હવે ન્યૂઝીલેન્ડ અને બાંગ્લાદેશ સામેની બાકીની બંને મેચ જીતવી પડશે.

આ ટુર્નામેન્ટમાં આજે શ્રીલંકાનો મુકાબલો બાંગ્લાદેશ સામે થશે. નવી મુંબઈમાં રમાનારી આ મેચ બપોરે ૩ વાગ્યે શરૂ થશે.

---

## KUTCH ACCIDENT

કચ્છના ખાવડાથી ભુજ તરફ જતી ખાનગી લક્ઝરી બસ અને એક ઇકો કાર લુનિયા ફાટક નજીક સામસામે અથડાઈ હતી. જેમાં બે લોકોના મોત થયાં છે. અકસ્માતની ઘટનાને પગલે ટ્રાફિકજામ પણ સર્જાયો હતો.

ખાવડા-ભીરંડીયારા માર્ગે બસ અને ઈકો વચ્ચે ભયાનક ટક્કર થઈ હતી. જેથી બંને વાહનોમાંથી એક-એક વ્યક્તિ મળીને કુલ બે લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ થયા હતા. આ દુર્ઘટનાથી બન્ની વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

પ્રાથમિક માહિતી અનુસાર, ખાવડાથી મુસાફરો ભરીને ભુજ આવતી લક્ઝરી બસ સામેથી ઓવરટેક કરતી ઇકો કાર સાથે અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે, બસ પલટી ગઈ હતી.

---

## GODHRA CYBER FROUD

ગોધરામાં જિલ્લા પોલીસ અધિક્ષક કચેરી ખાતે સાયબર ગુનાની જાગૃતિ માટે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ સાથે બેઠક યોજાઈ હતી.

પોલીસ અધિક્ષક ડૉક્ટર હરેશ દુધાતે સાઈબર ફ્રોડના પ્રકારો વિશે વિગતવાર માહિતી આપી અને લોકોને મજબૂત પાસવર્ડ રાખવા, ટુ-ફેક્ટર વેરિફિકેશન સક્રિય કરવા અને ઓ.ટી.પી ક્યારેય કોઈને ન આપવાની અપીલ કરી હતી.

આ બેઠકમાં ઈન્ફ્લુએન્સર્સને સાઈબર વોલન્ટિયર  પ્રોજેક્ટ સાથે જોડવામાં આવ્યા, જેથી લોકોમાં સાયબર સુરક્ષાની જાગૃતિ ફેલાવી શકાય.

---

## CIVIL OPREATION

અમદાવાદ સિવિલ હોસ્પિટલના તબીબોએ        કિડનીના કેન્સરની ગાંઠ લેપ્રોસ્કોપીથી સફળતાપૂર્વક દૂર કરી  56 વર્ષીય દર્દીનો જીવ બચાવ્યો છે.  25 વર્ષ પહેલાં જે કિડનીમાંથી કેન્સરની ગાંઠ દૂર કરી હતી તેમાં ફરીથી કેન્સરની ગાંઠ થતા સિવિલના ડોક્ટરો દ્વારા અત્યાધુનિક લેપ્રોસ્કોપીક સર્જરી દ્વારા ઓછી તકલીફ સાથે સર્જરી કરી ગાંઠ દૂર કરાઇ હતી.

---